# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 01-06-2026** **EVENING: 7.10 TO 7.20 PM**
**Day: MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

*****************************************************

1) રાજ્યભરમાં આજથી વસતિ ગણતરીના પ્રથમ તબક્કાનો પ્રારંભ – આગામી 30 જૂન સુધી ગણતરીદારો ઘરે આવીને 33 પ્રશ્ન પૂછશે.
2) રાજ્યમાં ખાલી થનારી રાજ્યસભાની ચાર બેઠકની દ્વિવાર્ષિક ચૂંટણીનું જાહેરનામું પ્રસિદ્ધ – આઠ જૂન સુધી ઉમેદવારીપત્ર ભરી શકાશે.
3) રાજ્યમાં સરકારી સેવાઓ મેળવવા હવે એક જ યુનિવર્સલ એફિડેવિટ માન્ય ગણાશે.
4) એક મહિનાના "ખેત બચાવો અભિયાન"નો ગાંધીનગરથી રાજ્યવ્યાપી પ્રારંભ.
5) સૌરાષ્ટ્ર અને કચ્છમાં આગામી પાંચ દિવસ હળવાથી મધ્યમ વરસાદની આગાહી.
6) જુનાગઢનાં ખેલાડી કાજલ વાજાએ હોંગકોંગમાં રમાયેલી આંતરરાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં રજત ચંદ્રક જીત્યો.

..............................................................

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)
હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# STATE CENSUS

રાજ્યભરમાં આજે પહેલી જૂનથી વસતિ ગણતરી 2027ના પ્રથમ તબક્કાનો પ્રારંભ કરાયો. તે અંતર્ગત આગામી 30 જૂન સુધી ઘરયાદી અને મકાનોની ગણતરી – HLO હાથ ધરાશે. એક લાખ 10 હજારથી વધુ ગણતરીકારો આ કામમાં જોડાશે. વસતિ ગણતરી નિયામક સુજલ જે. મયાત્રાએ સૌને આ કામગીરીમાં સહભાગી થવા અનુરોધ કરતા કહ્યું, ગણતરીદારો દ્વારા આવાસની સ્થિતિ, પરિવારની વિગત, પીવાના પાણીના સ્ત્રોત, શૌચાલયની સુવિધા અને અન્ય અસ્ક્યામતો સહિત કુલ 33 જેટલા પ્રશ્ન પૂછવામાં આવશે. સાથે જ બેન્કની વિગત, આધારકાર્ડ કે અન્ય કોઈ માહિતી લોકો પાસેથી માગવામાં નહીં આવે તેમ પણ શ્રી મયાત્રાએ વધુમાં જણાવ્યું.

(BYTE: SUJAL MAYATRA, DIRECTOR OF CENSUS OPERATIONS)

જુનાગઢના વંથલીના વાડલા ગામમાં વસતિ ગણતરીના પ્રથમ તબક્કાનો પ્રારંભ કરાયો. જિલ્લા કલેક્ટરે લોકો સાથે સહજ સંવાદ સાધી વસતિ ગણતરી માટેની યોગ્ય માહિતી આપવા અનુરોધ કર્યો.

ઉલ્લેખનીય છે કે, “જનગણનાથી જનકલ્યાણ”ના મંત્ર સાથે દેશમાં પહેલીવાર સંપૂર્ણ ડિજિટલ માધ્યમથી આ વખતે વસતિ ગણતરી કરાશે.

# RAJYASABHA ELECTIONS NOTIFICATION

કેન્દ્રીય ચૂંટણી પંચે રાજ્યની ચાર ખાલી થનારી રાજ્યસભાની બેઠક માટેની દ્વિવાર્ષિક ચૂંટણી માટે જાહેરનામું પ્રસિદ્ધ કર્યું. તે અંતર્ગત આગામી 18 જૂને સવારે નવથી ચાર વાગ્યા સુધી મતદાન અને તે જ દિવસે મતગણતરી કરાશે. આ ચૂંટણી માટે આગામી આઠ જૂન સુધી ઉમેદવારીપત્ર ભરી શકાશે. તેમજ નવ જૂને તેની ચકાસણી કરાશે. જ્યારે ઉમેદવારીપત્ર પરત લેવાની છેલ્લી તારીખ 11 જૂન રહેશે.

ઉલ્લેખનીય છે કે, રાજ્યસભા સાંસદ રામ મોકરિયા, નરહરિ અમીન, રમીલા બારા અને શક્તિસિંહ ગોહિલનો કાર્યકાળ આગામી 21 જૂને પૂર્ણ થઈ રહ્યો હોવાથી આ ચાર બેઠક ખાલી પડશે.

# UNIVERSAL AFFIDAVITS

રાજ્યમાં સરકારી સેવાઓ મેળવવા હવે એક જ યુનિવર્સલ એફિડેવિટ માન્ય ગણાશે. કાયદા વિભાગે આ અંગે જાહેર કરેલા નવા ફોર્મેટ મુજબ, જે સેવાઓમાં કાયદા અને નિયમ મુજબ સોગંદનામું જરૂરી હોય, પરંતુ કોઈ ચોક્કસ ફોર્મેટ નક્કી ન હોય ત્યાં એક જ સમાન ફોર્મેટ સમગ્ર રાજ્યમાં માન્ય રખાશે. આ નવું યુનિવર્સલ એફિડેવિટ તમામ જિલ્લા, તાલુકા, ગ્રામ્ય તેમજ શહેરી સ્તરે કાર્યરત્ તમામ સરકારી કચેરીઓ, સેવા કેન્દ્રો અને સત્તાધિકારીઓ દ્વારા ફરજિયાતપણે સ્વીકારવામાં આવશે.

ડિજિટલ ગુજરાત પોર્ટલ તેમજ તમામ જનસેવા કેન્દ્રો ખાતે પણ આ એફિડેવિટનો સમાન રીતે અમલ શરૂ થશે, જેથી ઓનલાઇન અરજી કરનારાઓને મોટી સુવિધા મળશે. નાગરિકોને વારંવાર જૂદા-જૂદા લખાણવાળી એફિડેવિટ કરાવવાની પડતી મુશ્કેલીઓનો અંત લાવવા સરકાર દ્વારા આ વહીવટી સુધારો કરાયો હોવાનું સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

# KHET BACHAV ABHIYAN

કૃષિમંત્રી જિતુ વાઘાણીએ ગાંધીનગરના શેરથા ગામથી "ખેત બચાવો અભિયાન"નો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવ્યો. આ પ્રસંગે તેમણે કહ્યું, કૃષિ વૈજ્ઞાનિકો, અધિકારીઓ અને કર્મચારીઓ આગામી 30 જૂન સુધી ગામેગામ જઈ ખેડૂતોને આ અભિયાન અંગે માહિતી આપશે. ખેડૂતો અને પશુપાલકોને સંબોધતા શ્રી વાઘાણીએ ખેતીની જમીનને બચાવવા અપીલ કરતાં તેમણે આ અભિયાનને ભાવિ પેઢીને સુરક્ષિત કરવાનો એક ભગીરથ પ્રયાસ ગણાવ્યું.

પ્રાકૃતિક ખેતીને વેગ આપવા આગામી સમયમાં સરકારી કચેરીઓ, કલેક્ટર કચેરી અને મંડળીઓમાં પ્રાકૃતિક ખેતીના ઉત્પાદનો માટે વેચાણ કેન્દ્ર શરૂ કરાશે તેમ પણ શ્રી વાઘાણીએ વધુમાં જણાવ્યું.

# JEE – GUJARAT

સંયુક્ત પ્રવેશ પરીક્ષા - JEE એડવાન્સ્ડનું પરિણામ જાહેર કરાયું. તેમાં સુરતના શૌર્ય ખેમકાએ સમગ્ર દેશમાં 43 મો ક્રમાંક મેળવ્યો. તેમણે પત્રકારો સાથેની વાતચીતમાં તેમની આ સિદ્ધિ અંગે વાત કરી અને સફળતાનો મંત્ર આપ્યો.

**(BYTE: SHAURYA KHEMKA)**

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **newsonair.gov.in/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---------------------------------------------------------------------------

**DESK**

# DANG "WORLD MILK DAY"

આજે પહેલી જૂનને વિશ્વ દૂધ દિવસ તરીકે ઉજવવામાં આવી રહ્યો છે. સમગ્ર વિશ્વના કુલ દુધ ઉત્પાદનમાંથી 25 ટકા ઉત્પાદન ભારતમાં થાય છે. તેમાં પણ ગુજરાત સમગ્ર દેશમાં અગ્રેસર છે. આ અંગેની માહિતી આપતા કૃષિ અને પશુપાલન મંત્રી જિતુ વાઘાણીએ સૌ દૂધ ઉત્પાદકોને દૂધ દિવસની શુભેચ્છાઓ પાઠવી.

ડાંગના વઘઇ ખાતે "સ્વચ્છ દૂધ ઉત્પાદન માટે માસ્ટાઇટિસ નિવારણ અને નિયંત્રણ" વિષયક પશુપાલન ગોષ્ઠી યોજાઇ. કાર્યક્રમનો હેતુ પશુપાલકોમાં માસ્ટાઇટિસ એટ્લે કે આંચળનો સોજો રોગ અંગે જાગૃતિ લાવવા તથા દૂધાળા પશુઓના આરોગ્ય અને સ્વચ્છ દૂધ ઉત્પાદન માટે જરૂરી વૈજ્ઞાનિક પદ્ધતિઓ અંગે માર્ગદર્શન આપવાનો હતો.

# VAV-THARAD SHANKAR CHAUDHARY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં, દૂધ, ડેરી અને સહકારી સંસ્થાઓમાં સકારાત્મક અભિગમ અને નવીનતાને પ્રોત્સાહન અપાયું છે. આ અંગે બનાસ ડેરીના ચેરમેન શંકર ચૌધરીએ કહ્યું, "ભારત વૈશ્વિક ડેરીનું કેન્દ્ર બનવા તરફ આગળ વધી રહ્યું છે. આગામી સમયમાં દેશના ડેરી ઉદ્યોગમાં સૌથી ઝડપી વૃદ્ધિ થવાનો પણ તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો.

(BYTE - SHANKAR CHAUDHARY)

# VAV-THARAD PASHUPALAK NAYANABEN

કેન્દ્રમાં નરેન્દ્ર મોદી સરકારને 12 વર્ષ પૂર્ણ થયાં છે. અત્યાર સુધી વિવિધ કલ્યાણકારી સરકારી યોજનાઓથી અનેક લોકોના જીવનમાં પરિવર્તન આવ્યું છે. આવી જ એક કિસાન ક્રેડિટ કાર્ડ યોજનાથી ખેડૂતોને ઘણો લાભ થયો છે. સરકારે પશુપાલકોને પણ કિસાન ક્રેડિટ કાર્ડ સુવિધાનો લાભ આપતા વાવ-થરાદનાં પશુપાલક નયના ચૌધરીએ આનંદ વ્યક્ત કર્યો.

(BYTE - PASHUPALAK NAYANABEN CHAUDHARY)

# EVE STATE WEATHER

સૌરાષ્ટ્ર અને કચ્છમાં આગામી પાંચ દિવસ હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે કહ્યું, આગામી દિવસોમાં ચોમાસા પૂર્વેની ગતિવિધિઓ ઝડપી બનવાની શક્યતાને જોતા માછીમારોને સાવચેત રહેવા અપીલ કરવામાં આવી છે.

(BYTE: RAMASHRAY YADAV, SCIENTIST, IMD AHMEDABAD)

# KAJAL VAJA SILVER MEDAL

જુનાગઢનાં ખેલાડી કાજલ વાજાએ આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં રજત ચંદ્રક જીત્યો. ચોરવાડ ગામનાં 19 વર્ષનાં આ ખેલાડીએ રવિવારે હૉંગકૉંગમાં યોજાયેલી 22મી એશિયન અંડર-20 ઍથ્લેટિક્સ ચેમ્પિયનશીપની 4 X 100 મીટર રિલે સ્પર્ધામાં આ સિદ્ધિ મેળવી. તમિળનાડુનાં ભાવના, હરિયાણાનાં આરતી અને ઉત્તરપ્રદેશનાં નિપમ સાથે કાજલ વાજાએ ભારતીય ટીમનું પ્રતિનિધિત્વ કરી 45.05 સેકન્ડનો સમય નોંધાવવામાં મદદ કરી.

સાથે જ 20 વર્ષથી ઓછી વયની શ્રેણીમાં અગાઉનો 45.08 સેકન્ડનો વિક્રમ તોડી તેમણે નવો રાષ્ટ્રીય વિક્રમ પણ બનાવ્યો. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કાજલ વાજા અને ભારતીય રિલે ટીમને આ સિદ્ધિ બદલ અભિનંદન પાઠવ્યા હતા.